ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૨૮ ટકા

# સે-૩ ન્યુના રહીશોની કમ્પાઉન્ડ વૉલ બનાવી આપવા માંગ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં ઘ-૨ સર્કલ પાસે સેક્ટર-૬ ખાતેનું કડિયાનાકું હવે ગ-૦ પાસે ખસેડવામાં આવ્યું છે. વળી ગ-૦ પાસે ઝુંપડપટ્ટીઓમાં પણ વધારો થઈ રહ્યો છે. આ કારણે સેક્ટર-૩ ન્યુ વસાહત મંડળ તથા અગ્રણી વસાહતીની સમિતિ બનાવી શહેરના મેયર તથા ડેપ્યુટી મેયરને મળી રજૂઆત કરવા સાથે સેકટરવાસીઓની સુરક્ષાને અનુલક્ષીને સેકટર ફરતે કમ્પાઉન્ડ વૉલ બાંધી આપવા આવેદનપત્ર આપ્યું હતું. મેયર તથા ડેપ્યુટી મેયર દ્વારા પણ વસાહતીઓને આ બાબતે સકારાત્મક ઉકેલ લાવવાની હૈયાધારણ આપવામાં આવી હતી.

સેકટર-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાના જણાવ્યા મુજબ સેકટર નજીક અત્યારે પણ ૨૦૦થી વધુ ઝુંપડા છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે. આ ઝુંપડાવાસીઓ દ્વારા શૌચ ક્રિયા માટે સેકટરની વચ્ચે આવેલ જંગલ-ઝાડીનો ઉપયોગ કરવામાં આવે છે જેના કારણે વસાહતીઓ દુર્ગંધ ઉપરાંત રોગચાળાના ભયનો સામનો કરી રહ્યા છે. વળી, આરટીઓ કચેરીના કારણે વાહનોનો ટ્રાફિક વધુ થયો હતો તેમાં કડીયાનાકું આવી જતા લોડીંગ વ્હિકલ્સના ટ્રાફિકમાં પણ વધારો થશે અને અજાણી વ્યકિતઓની આવન-



જાવન વધશે. જેનો પગલે વસાહતીઓની સલામતી પર ખતરો ઉભો થઈ શકે છે. આ કારણે સેકટર-૩ ન્યુના અગ્રણી વસાહતીઓની સમિતિ તથા વસાહતમંડળના હોદ્દેદારો મળીને ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ તથા ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘરને મળીને રજુઆત કરવા સાથે સેકટર ફરતે સુરક્ષા માટે કમ્પાઉન્ડ વૉલ બનાવી આપવા માંગ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના નિર્માણ સમયે તમામ સેકટરને કમ્પાઉન્ડ વૉલથી સુરક્ષિત કરાયા હતા. જે સમાયંતરે નાશ પામી છે પરંતુ તે સમયે સે-૩ ન્યુ વિકસ્યું ના હોવાથી તોને કમ્પાઉન્ડ વૉલ મળી નથી. મેયર તથા ડેપ્યુટી મેયર દ્વીરા વસાહતીઓની માંગણીને યોગ્ય ન્યાય આપવાની હૈયાધારણ આપવામાં આવી હતી.

## સ્વામિનાયણ મંદિર પેથાપુર ખાતે વજેન્દ્ર પ્રસાદજીના હસ્તે પુષ્પ અભિષેક યોજાયો

ગાંધીનગર, તા.૧૫

પેથાપુર સ્વામિનારાયણ મંદિરનો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ આગામી તારીખ ૨૦/૫/૧૯ ના રોજ યોજાનાર છે. જેની શાનદાર ઉજવણી અંતર્ગત આજથી પાંચ દિવસ સત્સંગી જીવનની રાત્રી પારાયણનું આયોજન કરાયું છે.

આજે પરમ પૂજ્ય ૧૦૮ લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્ર પ્રસાદજી મહારાજે પેથાપુર સ્વામિનારાયણ મંદિર ખાતે પધારીને શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધા કૃષ્ણ દેવ નો સ્વહસ્તે પુષ્પ અભિષેક કરીને પૂજન અર્ચન અને આરતી કરીને સત્સંગીઓને આશીર્વચન પાઠવ્યા હતા. તેમણે કહ્યુ કે સ્વામિનારાયણ ભગવાન દ્વારા સ્થાપિત આ મંદિરના દર્શન



અને સેવાનો આપ સૌ સત્સંગીઓને લાભ મળ્યો છે તે તમારા માટે અહોભાગ્ય છે. તેમણે સૌ સત્સંગીઓને પાટોત્સવના આયોજન માટે અભિનંદન આપ્યા હતા.

શ્રી લાલજી મહારાજ નાના બાળકોની સેવા થી ખૂબ રાજી થયાં હતાં. આ સત્સંગ સભામાં પ્રાસંગિક ઉદબોધન મંદિરના મહંત સ્વામી ગુરુ સ્વામી એ કર્યુ હતુ. સમગ્ર સભાનું સંચાલન ધર્મપ્રિય દાસજી સ્વામીએ કર્યુ હતુ. તમામ આયોજન ઘનશ્યામ સ્વામી તથા પરોપકાર સ્વામીએ કર્યુ હતુ. પેથાપુર તથા આજુબાજુના ગામના મોટી સંખ્યામાં સત્સંગીઓએ અભિષેક, દર્શન અને આશીર્વચનનો લાભ લીધો હતો.

## ગુજરાતના વાડો કાઈ કરાટેના બાળકોને ‘ફાઈવ-એમ’ વિકસાવવાની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૧૫

તાજેતરમાં ગુજરાત સ્ટેટ વાડો કાઈ કાતા ચેમ્પિયનશીપ ૨૦૧૯નું આયોજન રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતે કરવામાં આવ્યું હતું. આ ચેમ્પિયનશીપમાં વિવિધ કેટેગરીમાં મોટી સંખ્યામાં ગુજરાતના બાળકોએ ભાગ લીધો હતો જેમને ગાંધીનગર વૈદિક પરીવારના મહેન્દ્રભાઈ ગાંધીએ ‘સ્વ’ મૂલ્યાંકન માટે આત્મ નિરીક્ષણ ઉપરાંત ‘ફાઈવ-એમ’ને વિકસાવવાની ટેકનિક સહિત વિવિધ ઉપયોગી તાલીમ આપી હતી.

ગુજરાત સ્ટેટ વાડો કાઈ કાતા ચેમ્પિયનશીપના બાળકો માટે બૌદ્ધિક વર્ગ તથા આત્મનિરીક્ષણ વિષયક વર્ગનું આયોજન કરાયું હતું. જેમાં એક વેપારીની જેમ લાભ કે નુકશાન થયાની જાત તપાસ ઉપરાંત પોતાના કાર્યો, વ્યવહારો, વિચારોના નિરીક્ષણ કરવા અંગે બાળકોને માહિતગીર કરાયા હતા. પોતાના દોષોને સ્વીકારવા સાથે તેમાં સુધારો કરવા માટે દંડ લેવો વગેરે બાબતે વિસ્તારપૂર્વક સમજ અપાઈ હતી. આ સાથે મોટી વયના બાળકોને મહેન્દ્રભાઈ ગાંધી



દ્વારા જીવનને ઉત્તમ બનાવવા ‘ફાઈવ-એમ’ની ટેકનિક અંગે માહિતગાર કરાયા હતા જેમાં મેન પાવર, માઈન્ડ પાવર, મેનેજમેન્ટ પાવર, મની પાવર અને મોરલ પાવરથી યુકત થવાને કારણે તેમના સહિત સમાજનો વિકાસ થઈ શકે છે તેની સમજ અપાઈ હતી. ટૂર્નામેન્ટ બાદ ખેલાડીઓએ ‘સન-સેટ પોઈન્ટ’ જોવાનો આનંદ માણ્યો હતો.

## સે-૧૧માંથી ૨૧ બનાવટી કાર્ટીઝ જપ્ત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ પ્રેસીડેન્ટ કમ્પ્લેક્ષના પ્રથમ માળે આવેલી કાવ્યા એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાંથી સેમસંગ અને એચપી કંપનીની ૨૧ બનાવટી કાર્ટીઝ ટોનર મળી આવ્યા હતા. સમીર વિશ્વનાથ શો (ઉં.વ.૩૨) એ દિલ્હીની પ્રાઈવેટ કંપનીમાં મેનેજર છે. કંપનીને એચપી અને સેમસંગ વતી દેશભરમાં કોઈ પ્રોડકટની બનાવટી પ્રોડકટના વેચાણ સામે કામ કરે છે. ત્યારે સમીર શો એ બાતમીને આધારે સે-૭ પોલીસને સાથે રાખી સે-૧૧ ની દુકાનમાં રેડ કરી હતી. જેમાં દુકાન ભાડે રાખી વેપાર કરનાર ચાંદખેડાના અમરીશ નવીનભાઈ દાંતાણીયા સામે કોપી રાઈટ એકટ મુજબ સમીર શો એ ફરીયાદ નોંધાવતા સે-૭ પોલીસે ગુનો નોંધી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

## એલસીબી-૧માં પાંચ મહિલા પોલીસ કર્મચારીની નિમણુંક

ગાંધીનગર જિલ્લા વિવિધ પોલીસ મથકોમાં મહિલા પોલીસ કર્મચારીઓ પોતાની ફરજ નિભાવી રહી છે. પરંતુ પોલીસની ખાસ એજન્સીઓ એલસીબી અને એસઓજીમાં પણ મહિલા પોલીસ કર્મચારીઓ ફરજ બજાવતી જોવા મળશે. પ્રારંભિક શરુઆત એલસીબી-૧ થી થવા પામી છે. જેમાં એક મહિલા પીએસઆઈ અને ચાર મહિલા કોન્સ્ટેબલ સહિત કુલ પાંચ મહિલા કર્મચારીની નિમણુંક કરવામાં આવી છે.ગાંધીનગર જિલ્લાના એસપી મયુર ચાવડાએ જિલ્લામાં પોલીસ વિભાગની મહિલાઓના એજન્સીઓમાં કામ કરવા અંગે પ્રતિભાવ મંગાવ્યા હતા. જેમાં સ્વેચ્છાએ આવેલા નામમાંથી ઈન્ટરવ્યુ દ્વારા એક મહિલા પીએસઆઈ સહિત પાંચની ટીમ એલસીબી-૧ માં નિમણુંક આપી છે.જેમાં પીએસઆઈ તરીકે વી.બી.વર્મા, હે.કો. જાગૃતિબા, કૌશરજહાં, એલઆર કૈલાશબા અને હેતલબેનનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે આગામી સમયમાં ગાંધીનગર એસઓજી અને ટ્રાફિકમાં સહિત કંટ્રોલરૂમના મહત્વના સ્થાનો પર મહિલા પોલીસ કર્મચારીઓને ફરજ પર મુકવામાં આવશે.

## રવિવારે બ્રહ્મસમાજ ભવન ખાતે “હેપ્પી રક્તદાન શિબિર”નું આયોજન

### “હેપ્પી યુથ ક્લબ” દ્વારા સંસ્થાના ચોથા સ્થાપના દિન નિમિત્તે થેલેસેમિયાગ્રસ્ત બાળકોને મદદરૂપ થવાના હેતુથી આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા “હેપ્પી યુથ ક્લબ” દ્વારા સંસ્થાના ચોથા સ્થાપના દિન નિમિત્તે થેલેસેમિયાગ્રસ્ત બાળકોની જિંદગી બચાવવાના કાર્યમાં મદદરૂપ થવાના હેતુથી “હેપ્પી રક્તદાન શિબિર”નું આયોજન કરવામાં આવ્યું છે. આ “હેપ્પી રક્તદાન શિબિર”નું આયોજન આગામી તા.૧૯મી મે, ૨૦૧૯ રવિવારના રોજ સવારે ૯.૦૦ થી બપોરના ૧૨.૦૦ વાગ્યા દરમ્યાન ગાંધીનગરના સેક્ટર-૧૬માં રંગમંચ પાસે “બ્રહ્મસમાજ ભવન” ખાતે કરવામાં આવ્યું છે.

“હેપ્પી યુથ ક્લબ” દ્વારા આયોજિત “હેપ્પી રક્તદાન શિબિર”માં એકત્રિત થયેલ રક્ત થેલેસેમિયાગ્રસ્ત બાળકોની જિંદગી બચાવવાના કાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે. આ રક્તદાન શિબિરમાં શહેરના રક્તદાતાઓને સ્વૈચ્છિક રક્તદાન કરશે અને આયોજનમાં અનેક સેવાભાવી યુવાનો જોડાશે. “હેપ્પી રક્તદાન શિબિર”માં રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓને રક્તદાતા કાર્ડ, પ્રમાણપત્ર સાથે શુભેચ્છા ભેટ આપી સન્માનીત કરવામાં આવશે. “હેપ્પી રક્તદાન શિબિર”માં રક્ત એકત્ર કરવાની સેવા ઇંડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખાના સહયોગથી કલોલ શાખાની બ્લડ બેંક દ્વારા પૂરી પાડવામાં આવશે.

આ ઉપરાંત “હેપ્પી રક્તદાન શિબિર” દરમ્યાન વિના મૂલ્યે હેપ્પી ચકલી ઘરનું તેમજ ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલ પશુ-પંખીઓની તરસ છીપાવવા માટે ઉપયોગી એવા સિમેંટના મોટા કુંડાંનું ઉમિયા ચેરિટેબલ ટ્રસ્ટના મિલી એનિમલ કેર તથા સ્વઅર્પણ સેવા સમિતિ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી મર્યાદિત સંખ્યામાં વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવશે. “હેપ્પી રક્તદાન શિબિર”માં સામેલ થવા તથા અબોલ પશુ-પંખીઓની તરસ છીપાવવાના સેવા કાર્યમાં મદદરૂપ થવા મો. નં. ૯૧૭૩૨૪૮૪૩૨ અથવા ૯૯૨૪૪૪૬૬૪૫ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા વેકેશન કોર્સ સમાપન સમારોહ સંપન્ન

ગાંધીનગર, તા.૧૫

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા ધો-૩ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વોકલ મ્યુઝિક અને ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીગના નિઃશુલ્ક વેકેશન કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વોકલ મ્યુઝિકમાં ભારતીય સંગીતના શુધ્ધ સ્વરો, શુધ્ધ સ્વરના અલંકારો, તાલ વિશે જાણકારી આપવામાં આવી હતી. ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગમાં પરંપરાગત ચિત્ર શૈલીઓ, ભાતચિત્રો, રંગ પ્રાયોગિક વિષે જાણકારી આપવામાં આવી હતી. કોર્સનું સંચાલન કલાશિક્ષક હાર્દિકભાઈ ભટ્ટ તથા જયદેવભાઈ ધાંધિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગરના ગેસ ધારકો જોગ

### ગેસની પાઈપ લાઈન લીકેજ થાય તો હેલ્પલાઈન નંબર- ૦૭૯ ૨૩૨ ૬૪૫૫૫ અને ૭૨૧૧૧ ૬૪૨૨૨ પર સંપર્ક કરો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત ગેસના સંયુક્ત ઉપક્રમે આજરોજ ગેસની પાઈપ લાઈનના



લીકેજ સમયે શું કરવું અને ન કરવું તે અંગેની જાગૃત્તિ લાવવા માટે સેમિનારનું આયોજન કલેકટર કચેરી ખાતે કરવામાં આવ્યું હતું. આ સેમિનાર નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ સેમિનારમાં વિવિધ ગામના સરપંચો, આર એન્ડ બી વિભાગના અધિકારીઓ અને અન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સેમિનારમાં ગેસની પાઈપલાઈનમાંથી ગેસ લીકેજ થાય છે, તેનો ખ્યાલ કેવી રીતે આવે છે. ગેસ લીકેજ થતો હોય, ત્યારે તેની આસપાસ શું ન કરવું જોઈએ, ગેસ પાઈપ લાઈનમાંથી ગેસ લીકેજ થાય ત્યારે પ્રાથમિક તબક્કે શું કરવું જેવી વિવિધ બાબતોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગેસની પાઈપ લાઈન કેટલી ઉંડી છે, કયાંથી પસાર થાય તે કેવી રીતે જાણી શકાય તેની પણ સમજ આપવામાં આવી હતી. ગેસ લીકેજ થાય તે સમયે ગુજરાત ગેસના ૨૪ x ૭ કાર્યરત રહેતા હેલ્પલાઈન નંબર ૦૭૯- ૨૩૨૬૪૫૫૫ અને મોબાઈલ નંબર ૭૨૧૧૧ ૬૪૨૨૨ પર સંપર્ક કરવા માટે ખાસ ભારપૂર્વક સેમિનારમાં જણાવવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ગેસ લીકેજની ઘટનાથી વિવિધ વિસ્તારમાં કેવી કેવી ઘટનાઓ બની છે, તેનું વિડિયો પ્રેઝેન્ટેશન બતાવીને પણ ઉપસ્થિત સર્વેને સમજ આપવામાં આવી હતી.

## ત્રિદિવસીય ધ્યાન યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૫

શ્રી આનંદ ટ્રસ્ટ કડી દ્વારા ગાંધીનગર રાયસણ ગામે ત્રિદિવસીય ધ્યાન યોગ શિબિરનું આયોજન સદગુરુ શ્રીહરિ તથા માં જંજાના સાંનિધ્યમાં યોજાયેલ છે. જેમાં ધ્યાનની વિવિધ રીતો જેવી કે જાગરણ ધ્યાન, નાદબ્રહ્મ, મંત્ર ધ્યાન, વિપશ્યા ધ્યાન, તાંડવ ધ્યાન, નૃત્ય ધ્યાન, આસનો, પ્રાણાયામ કરાવવામાં આવશે તથા પ્રશ્નોનું નિરાકરણ પ્રશ્નોત્તરી દ્વારા કરવામાં આવશે. આ ધ્યાન યોગ શિબિર તા. ૨૫, ૨૬ અને ૨૭ મે ૨૦૧૯ દરમિયાન સ્વર્ણીમ સાંસ્કૃતિક કેન્દ્ર, ગાંધીનગર-કોબા હાઈવે, રાયસણ ગાંધીનગર ખાતે યોજાશે. વધુ માહિતી માટે ડી.કે. આનંદ મો. ૮૭૩૨૯૯૩૦૩૪ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

## રાજપૂત વિદ્યાર્થીઓ માટે જીપીએસસી વર્ગ ૧-૨ના તાલીમ વર્ગો યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતના રાજપૂત યુવાન વિદ્યાર્થીઓ માટે શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર દ્વારા બાશ્રી દશરથબા મહેન્દ્રસિંહ પરમાર રાજપૂત આઈ.એ.એસ. કરિયર એકેડેમી લેકાવાડા ખાતે વર્ગ ૧-૨ની પ્રીલીમ પરીક્ષાના તાલીમ વર્ગો તા. ૬ઠ્ઠી જૂનથી શરુ થનાર છે.

ઓકટોબર ૨૦૧૯માં સંભવિત પરીક્ષા યોજાનાર છે. જેના માટે તાલીમ વર્ગો શરુ થશે. રહેવા-જમવા-પુસ્તકાલયની સગવડ એકેડેમીમાં છે. વધુ માહિતી માટે અશોકસિંહ પરમાર ૯૯૭૮૪ ૦૭૩૦૮, રમજુભા જાડેજા ૯૯૨૫૨ ૧૦૭૦૫, હરેન્દ્રસિંહ ગોહિલ ૯૪૨૬૫ ૫૧૭૯૭નો સંપર્ક કરવા કાર્યાલય મંત્રી જશવંતસિંહ ગોહિલે જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. અરૂણભાઈ મફતભાઈ પંડયા, ઉ.વ. ૪૮
- સ્વ. ઠાકોર કનુજી ખોડાજી, ઉ.વ. ૪૮
- સ્વ. શારદાબેન રમણજી ઠાકોર, ઉ.વ. ૬૦
- સ્વ. ડાહીબેન જીવાભાઈ સોલંકી, ઉ.વ. ૭૨
- સ્વ. રાઠોર નવીનચંદ્ર ચતુરભાઈ, ઉ.વ. ૪૫
- સ્વ. જાદવ મુળજીભાઈ મીકાભાઈ, ઉ.વ. ૮૫
- સ્વ. મંગુબેન ગલાજી ઠાકોર, ઉ.વ. ૮૦
- સ્વ. હરજીવનભાઈ મગનભાઈ પટેલ, ઉ.વ. ૮૪

# પુસ્તકનો સ્પર્શ અંતરમાં હેત વરસાવે છે

### એક વ્યકિત જેટલું વાંચે તેટલી જ તેની બોલવાની કે લખવાની શકિત વધે છે : વ્યકિતનો વિકાસ પુસ્તક વાંચીને થઈ શકે છે

ગાંધીનગર, તા.૧૫

‘જેમની પાસે પુસ્તક હોય છે તેઓ કયારેય એકલા નથી હોતા’ એવું કહેવાય છે. આજે આપણી આસપાસ અને ખાસ શહેરની લાયબ્રેરી તથા પુસ્તકની દુકાનોમાં દરેક ભાષામાં દરેક પ્રકારના પુસ્તક ઉપલબ્ધ છે. જરુર છે ફકત એ તરફ નજર નાંખવાની વાંચવા તરફ રસ કેળવવાની. આજે પુસ્તકના ઓપ્શનમાં ઈ-બુક એટલે કે ઈન્ટરનેટમાં પુસ્તક પણ ચલણમાં છે. પરંતુ જાણવું એ રહ્યું કે આજે પણ પુસ્તક હાથમાં લઈને વાંચવા કે ઈ-બુક દ્વારા વાંચવા એમાથી વધુ પસંદગી કઈ?

● હું પુસ્તકને હાથમાં લઈને વાંચવાથી જ ટેવાયેલો છું. પુસ્તક



વાંચતા વાંચતા છાતીએ રાખીને સુવાનો એક આનંદ છે તેવો ઈ-બુકમાં નથી. જેમ જેમ પુસ્તકનો સંપર્ક રહે છે તેમ તેના સાથે આત્મીયતા અનુભવાય છે એવો સ્પર્શયુકત સંબંધ લેપટોપ સાથે અનુભવાતો નથી. આજે બધા ઈલેકટ્રીક લાઈટ કે સાધનોથી દૂર રહેવાની વાતો કરતા હોય છે તો તેજ માધ્યમથી પુસ્તક વાંચવાનું કઈ રીતે વિચારી શકાય? મારા ઘરમાં રહેલો પુસ્તકથી ભરેલો કબાટ એ મારો પરિવાર બનીને એને પૂરો કરે છે. જો હું એક જ ડીવાઈઝની અંદર એક ફાઈલમાં ૧૦૦ પુસ્તકને સેવ કરીને રાખું એ સરળ તો છે પણ એનાથી પારિવારીક અનુભુતી થતી નથી. પુસ્તક વાંચતા અટકવું પડે તો પેજને વાળી કે બુકમાર્ક બુકી ફરી શરુ કરી શકો છો પરંતુ ઈબુકમાં તો રૂચિ ભંગ થઈ જાય છે. ઘરમાં કદાચ જગ્યા ન હોય અને પુસ્તકો વધુ ન વસાવી શકાય તેમ હોય તો ઈ-બુક રાખો તો ઠીક છે પણ જો હૃદયથી અને ભાવનાથી વિચારો તો પુસ્તક સાથે જ આત્મીયતા કેળવાશે.

**- ડો. જય ઓઝા**

● મને ઈન્ટરનેટના કોઈ પણ માધ્યમથી મળેલ ઈ-બુક કરતા છપાયેલી ચોપડીમાથી વાંચવું વધુ અનુકુળ લાગે છે. એક આત્મીયતા જેવું લાગે છે ઘણી ઈ-બુકસ દ્વારા ઓનલાઈન ઝડપથી પહોંચી શકાય છે તે ઝડપથી પ્રાપ્ય છે અને જેના વપરાશથી પર્યાવરણની બચત અને જાળવણી પણ થાય છે અને કયારેક



આ માધ્યમ દ્વારા ઝડપથી પ્રતિભાવ મળી શકે અને દરેકના સંપર્કમાં રહી શકાય છે તો પણ મારા મતે છાપેલા પુસ્તક વાંચવામાં વધુ મજા છે. મારા મતે પુસ્તક અને ઈ-બુક વાંચવાની પસંદગી પોતાના વ્યકિતગત મત પ્રમાણે યોગ્ય જ છે.

**- પ્રજ્ઞાબેન પટેલ**

● હું પુસ્તક વાંચવાનો હિમાયતી છું. ટેકનોલોજીથી અલિપ્ત



અને અજ્ઞાત છું. મને એ તરફ પહેલેથી જ રૂચિ નથી. હું ફેસબુકનો ઉપયોગ કરવા કરતા ફેસ ટુ ફેસ મળવામાં માનું છું. આજના માણસમાં સંવેદના રહી નથી પણ જો તે સારું વાંચશે તો ભાવ અકબંધ રહેશે. વાંચવાનો આનંદ જ અલગ છે. મારા મતે એક વ્યકિત જેટલું વાંચે તેટલી જ તેની બોલવાની કે લખવાની શકિત વધે છે. કહી શકાય કે વ્યકિતનો વિકાસ પુસ્તક વાંચીને થઈ શકે છે.

**- ભરત કવિ**

● વાસ્તવિક રીતમાં પુસ્તક હાથમાં હોય છે તેનો અનુભવ અલગ હોય છે. પુસ્તકના પાના ફેરવતા કયારે ઉંઘ આવી જાય ખબર નથી પડતી. વર્તમાન ડીઝીટલ યુગમા ઈ બુકનું ચલણ ચોકકસ વધ્યું છે. પરંતુ ઈ-બુકના વાંચન કરતા પુસ્તકને પકડીને વાંચવાની મજા જ અલગ



છે. મૂળ આ માણસના સ્વભાવ પર અવલંબિત છે જેને ફટાફટ વાતને ફેરવી દેવી છે ટૂંકમાં જ પતાવવું છે તે ઈ-બુક જ જોશે પરંતુ જેને પુસ્તકમાં રહેલી વાતને સમજવી છે તે પુસ્તક જ વાંચે છે. મારા મતે આ બંને પ્રક્રિયા સાવ જુદી જ છે.

**- પુલક ત્રિવેદી**

● ૨૧મી સદીમાં શિક્ષણ, સાહિત્ય અને સર્જનનું



સ્વરૂપ ભલે બદલાયું હોય પરંતુ આ ત્રણેયનો આત્મા ‘પુસ્તક’ છે. ગ્રંથ છે. હાલમાં ઈ-બુક પણ ચલણમાં છે. પરંતુ મારા મતે પુસ્તક હાથમાં લઈને વાંચવાનું વધુ મહત્વ છે. પુસ્તકનો પણ એક ઓરા હોય છે. વૈચારિક તરંગો હોય છે જે પુસ્તક હાથમાં રાખનારને પ્રભાવિત કરે છે. એ સકારાત્મક ઉર્જાનો સ્ત્રોત છે. એના પોઝિટીવ વાઈબ્રેશન આખા ઘર, પરીવારને માનસિક રીતે સ્વસ્થ રાખે છે.

**- ડો. કનૈયાલાલ ભટ્ટ**